બનાસકાંઠા જિલ્લા માં વીસીઈઓ છેલ્લા નવ દિવસથી હડતાળ પર

સમાન કામ અને સમાન વેતનની માંગ સાથે વાવ,વડગામ અને પાલનપુર તાલુકા પંચાયત ખાતે વીસીઈઓએ ધરણાં યોજયા

બનાસકાંઠા જિલ્લા માં કમિશન પ્રથા નાબૂદ કરી ફિક્સ પગારની માંગ સાથે ગ્રામ પંચાયતના ઈધરા કેન્દ્રના કોમ્પ્યુટર સાહસિકો છેલ્લા નવ દિવસથી હડતાળ પર ઉતર્યા છે અને પોતાની માંગોને લઈ વાવ,વડગામ અને પાલનપુર તાલુકા પંચાયત ખાતે ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં મારા બનાસકાંઠા જિલ્લા ના બ્યુરો ચીફ શ્રી ગણપતભાઈ કે. જોશી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા સહિત રાજયભરની ગ્રામ પંચાયતોના ૧૪ હજાર જેટલાં વીસીઈઓ સમાન કામ સમાન વેતનની માંગને લઈ તા.૧૧ મેં થી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરતા ગ્રામ કક્ષાએ પંચાયતને લગતા દાખલા, ઉતારાં સહિત સરકારની ડિજિટલ યોજનાની સેવાઓ ખોરવાતા લોકોના કામ કાજ અટવાયા છે . જોકે વીસીઈ ઓ દ્વારા ગત વર્ષે પણ પોતાની માંગો ને લઈ અચોક્કસ મુદતની હળતાળ પર ઉતરતા સરકાર દ્વારા તેમની માંગો પૂરી કરવા ખાત્રી આપી હતી તેમ છતાં તેમની માંગો પુરી કરવામાં ન આવતા વીસીઈ ઓ દ્વારા ફરી એક વાર હડતાળનો માર્ગ અપનાવ્યો છે. પાલનપુર, વાવ અને વડગામ તાલુકા પંચાયત ખાતે ૨૦૦ જેટલા વીસીઈ ઓ ૧૬ વર્ષ નું શોષણ બંધ કરો, કમિશન પ્રથા નાબૂદ કરી ફિક્સ પગાર આપો સહિતની માંગો વાળા પોસ્ટર અને બેનરો સાથે ધરણાં યોજી સરકાર સમક્ષ વિરોધ દર્શાવ્યો હતો.

ડિજિટલ યોજનાની પાયાની ઇટ સમાં વીસીઈનું શોષણ

બનાસકાંઠા જિલ્લા વીસીઈ મંડળના પ્રમુખ રામસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે સરકારની વિવિધ યોજનાને લોકો સુધી પહોંચાડતા અને ડિજિટલ યોજના ની ઇટ સમાં વીસીઈ ને માત્ર કમિશન આપી તેમનું શોષણ કરવામાં આવી રહ્યું હોય ફિક્સ વેતન ની માંગ નહિ સંતોષાય ત્યાં સુધી અમારી હડતાળ ચાલુ રહેશે.

પાલનપુરની આંબાવાડીમાં ભુગર્ભ ગટર ઉભરાતા ગંદકીનું સામ્રાજ્ય છવાયું

પાલનપુર શહેરના ગણેશપુરા વિસ્તારમાં આવેલ આંબાવાડીમાં છેલ્લા દશ દિવસથી ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે પરંતુ તેનું સમાર કામ કરવામાં લપરવાહી દાખવવામાં આવતા આ વિસ્તારમાં પારાવાર ગંદકીને સ્થાનિકોમાં લઈ રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોશી પાલનપુર અહેવાલ જણાવે છે કે, પાલનપુર નગરપાલિકા દ્વારા જાણે વોર્ડ નંબર ૧૧ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવવામાં આવતું હોય તેમ આ વિસ્તારની પાયાની સુવિધાઓ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે જેમાય સલ્મ વિસ્તાર ધરાવતા ગણેશપુરા આંબાવાડીમાં વીજ પાણી સફાઈ જેવી બાબતોની દરકાર લેવામાં આવતી ન હોય આ વિસ્તાર ગંદકીમાં સબડી રહ્યો છે. આંબાવાડી વિસ્તારમાં મુખ્ય ચોક માં છેલ્લા દશ દિવસ થી ભૂગર્ભ ઉભરાઈ રહી છે જેને લઈ જાહેર રસ્તા પર ગંદા પાણી નો ભરાવો થવા થી લોકોને અવરજવર કરવાના ભારે મુશ્કેલી ઓ નો સામનો કરવો પડી રહ્યો છે જોકે આ ગતરલાઈન નું સમાર કામ કરવા નગરપાલિકા માં રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા અહીં ગંદા પાણીના ભરાવાને લઈ મચ્છર જન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે. જેને લઈ આ ભૂગર્ભ ગટરનું સત્વરે સમાર કામ કરવાની સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.

ડીસાની સિવિલમાં ઓર્થોપેડિક ડોકટરનો અભાવ : સોનોગ્રાફી મશીન પણ બંધ : દર્દીઓને ખાનગી દવાખાને લૂંટાવાનો વારો

ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદરૂપ ગણાતી ડીસાની સરકારી હોસ્પિટલમાં બનાસકાંઠા જિલ્લા સહિત રાજસ્થાનના અનેક દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે. આમ તો આલીશાન ડીસા સિવિલ હોસ્પિટલમાં અદ્યતન સાધન સુવિધા ઉપલબ્ધ છે પરંતુ કેટલાક રોગોના તજજ્ઞ ન હોવાથી દર્દીઓને બહારની ખાનગી હોસ્પિટલમાં રઝળપાટ ?કરી લૂંટાવવાનો વારો આવ્યો હોવાની બૂમરાદ દર્દીઓમાં ઉઠવા પામી છે. વધુમાં સ્ટાફ નો પણ અભાવ વર્તાય છે. પ્રસુતિ વિભાગમાં ડોક્ટર છે પણ સોનોગ્રાફી મશીન બંધ હોવાથી અનેક દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે. જાણવા મળતી માહિતી મુજબ ખાટલે મોટી ખોડની જેમ રાજ્યના કેન્દ્રીય હેલ્થ મિનિસ્ટર હોય અને તેમના જ ઘરઆંગણે સરકારી હોસ્પિટલમાં ઓર્થોપેડીક ડોક્ટરની જગ્યા ખાલી પડી છે પરંતુ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલમાં સ્ટાફની અને ડોક્ટર ની ઘટ હોવાની પણ દરકાર ન લેતાં હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે વાડ જ ચીભડાં ગળે ત્યાં ફરીયાદ કોને કરવી? સરકારી હોસ્પિટલમાં તબીબની યોગ્ય સુવિધાના અભાવે દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો અને દર્દીના સગાઓને રઝળપાટ કરી લૂંટાવાનો વારો આવ્યો છે ત્યારે તાત્કાલીક અસરથી ઓર્થોપેડિક ડોક્ટરની નિમણુંક અને સોનોગ્રાફી મશીન શરૂ કરવાની માગણી ઉઠવા પામી છે.

અરવલ્લી : પોલીસતંત્રમાં ભારે ઉલટફેર SP સંજય ખરાતે ૧૪૮ પોલીસ કર્મચારીની બદલી કરી, પોલીસબેડામાં સોંપો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે વધુ એકવાર પોલીસકર્મીઓનો બદલીનો ગંજીપો ચીપ્યો છે જીલ્લાના જુદાજુદા ૧૧ પોલીસ સ્ટેશનો અને નેત્રમ અને હેડક્વાટરમાં ફરજ બજાવતા ૧૪૮ પોલીસકર્મીઓની એકાએક બદલી કરતાં જ પોલીસબેડામાં સન્નાટો વ્યાપ્યો છે. જયારે આ સાગમટે કરાયેલી બદલીઓ પોલીસની કાર્યદક્ષતા સુધારવા કરાઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે સાગમેટે ૧૪૮ પોલીસકર્મીઓની બદલીઓ થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૪૮ પોલીસકર્મીનો બદલી કરવામાં આવી છે એક સાથે ૧૪૮ પોલીસકર્મીઓની બદલીના પગલે તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે જીલ્લા પોલીસવડાએ ૧૩૧ પોલીસકર્મીઓની બદલી જાહેરહિતમાં અને ૧૭ પોલીસકર્મીઓની બદલી પદર ખર્ચે કરી છે. અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહે છે.

વડાલીના જીનર્સો પાસેથી ભ્રષ્ટ અધિકારીઓએ અત્યાર સુધીમાં લાખો રુપિયા ખંખેર્યાની લોકચર્ચા

બદલી થયેલા અધિકારીઓની અપ્રમાણસર મિલ્કતની તપાસ થાય : પ્રતિબંધિત બિયારણનો વેપલો, ઉચ્ચ અધિકારીઓની સંડોવણી

બાયર (બ્યુરો ઓફિસ) તા. ૨૨

વડાલીના ૪ જીનર્સોના ત્યાંથી શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો ઝડપાયા પછી જિલ્લામાં શંકાસ્પદ બિયારણનો વેપલો વર્ષોથી ચાલતો હોવા છતાં કેમ કોઈનું ધ્યાન ન ગયું - કાં તેવા વ્યંગ સૂચક છે જયારે કોથળામાંથી કોથળી ભરતા જીનર્સો પાસેથી ભ્રષ્ટ અધિકારીઓએ લાખો રુપિયા ખંખેર્યાની લોક ચર્ચા છે. બદલી થયેલા અધિકારીની અપ્રમાણસર મિલ્કતની તપાસ થાય તો શંકાસ્પદ બિયારણનું મોટું સ્કેન્ડલ બહાર આવી શકે છે. પ્રતિબંધિત બિયારણના વેપલામાં ખેતી વિભાગના એક કરતાં વધુ અધિકારીઓની સંડોવણી હોવાની આશંકા છે.

ખાદ્ય પદાર્થોની જેમ ખેત બિયારણમાં પણ નકલીનું પ્રમાણ વધ્યું છે. ખેડૂત વર્ષ દરમિયાન જાત ઘસી નાખી આજીવિકા મેળવે છે. ત્યારે તા. ૧૦ મે ના રોજ ખેતી વિભાગની ટીમોએ વડાલીના ૪ જીનર્સોના ધંધાના સ્થળે દરોડા પાડી ૧૮૦૦૦ કિલોગ્રામ શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો ઝડપી લીધો હતો. હવે લોકચર્ચા એવી છે કે જીનર્સો આસાનથી છટકી જાય તે રીતે તપાસને વળાંક આપવાનો તખ્થો ગોઠવાયો છે જે બિયારણના ઉત્પાદન ઉપર રાજય- દેશમાં પ્રતિબંધ છે તેવું બિયારણ ઉત્પાદીત થતું હોવાની આશંકા છે. પરંતુ ગેરકાયદે લાખોના વહેવારથી ખેતીવિભાગના ભ્રષ્ટ અધિકારી, સચિવાલયના ખમતી ધરો અને લેબ સુધીના તમામને સાચવી લીધાની જોરદાર લોકચર્ચા સાંભળવા મળી રહી છે. ખેડૂતોને શંકાસ્પદ બિયારણ અપાતું હોય તો આવા જીનર્સો સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ તેવો લોક સૂર સામે આવ્યો છે જયારે કેટલાક જીનર્સો શંકાસ્પદ બિયારણના વેપલા પછી બચવા માટે ચિલોડા, સરખેજ હાઈવેની હોટલ આસપાસ કેટલાક લાલચુંઓ સાથે બેઠક કર્યાની પણ બિન સત્તાવાર વિગતો સાંભળવા મળી છે.

બિયારણ નકલી હોય તો જીનર્સોને જેલમાં ધકેલો

હિંમતનગર

શંકાસ્પદ કપાસના બિયારણના ઉત્પાદન કેન્દ્ર તરીકે વડાલી એ.પી. સેન્ટર બન્યું છે. ૪ જીનર્સોનો ત્યાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપાયા પછી તપાસમાં જે ઢીલ જોવા મળી તે જોતાં કશુંક રંધાતું હોવાથી આશંકા છે. શંકાસ્પદ જથ્થો હોવાનું સાબિત થાય થો જીનર્સો લાયસન્સ ધાટકોને જેલમાં ધકેલવા જોઈએ તેવો લોક આકોશ જોવા મળી રહ્યો છે.

તળાવ ઊંડા કરવામાં બેસૂમાર ભ્રષ્ટાચાર

સાબરકાંઠા-અરવલ્લીના બિલ્ડરોએ ખરીદેલી જમીનમાં ૫ થી ૧૦ ફૂટ માટીનું પૂરણ

ભ્રષ્ટ અધિકારીઓ-બિલ્ડરો-મંડળીઓની સાંઠગાંઠની તપાસ કરો - ખેડૂતો : જરૂરિયાતમંદ ખેડૂતોને લાભ મળતો ન હોવાના આક્ષેપ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના સુજલામ - સુફલામ યોજના હેઠળ તળાવ ઊંડા કરવામાં આવી રહ્યા છે. પરંતુ જિલ્લામાં બિલ્ડરોએ ખરીદેલી જમીનમાં ૫ થી ૧૦ ફૂટનું પુરણ કરી ભ્રષ્ટ અધિકારીઓ મલાઈ તારવતા હોવાની ફરિયાદ મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચી છે. બિલ્ડરોએ જમીન ખરીદે તેમાં મફતના ભાવે પુરણ કરાવી ૩-૪ મહીનામાં જમીન એન.એ.કરાવવાની પેરવી કરશે. જેથી યોજના અંતર્ગત જે ખેતીની જમીનમાં માટીનું પૂરણ થયું છે તેવી જમીનો ૫ વર્ષ એન.એ. કરવા ઉપર પાબંધી ફરમાવવામાં આવે તો જ ભ્રષ્ટાચાર અટકી શકે છે. સમગ્ર માટી કૌભાંડમાં રાજકીય પક્ષો સાથે સંકળાયેલ મંડળીઓ દ્વાર આ પ્રકારનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મે મહિનાના આરંભથી તળાવો ઊંડા કરવા અને તળાવની ખોદકામ વાળી માટે ખેતીલાયક જમીનમાં નાખવાની સરકારે છૂટ આપી છે. પરંતુ પરિપત્ર પછી ભ્રષ્ટ અધિકારીઓ - મંડળીઓએ બિલ્ડરો પાસે સાંઠગાંઠ આચરી હિંમતનગર-ઈડર, પ્રાંતિજ, તલોદ, મોડાસા, બાયડ, મેઘરજમાં નવી બાંધકામ સાઈટ ઊભી થવાની છે ત્યાં દિવસરાત પૂરણ ચાલી રહ્યું છે. જેમાં ભ્રષ્ટ અધિકારીએ ભ્રષ્ટાચારની તમામ હદ વટાવ્યાના લોક આક્ષેપ છે. મેઘરજના અરજદારે જિલ્લામાં કઈ મંડળી કયા રાજકીય પક્ષની અને કેવા કેવાં ખોટા કામ કર્યા છે તેનો ૩ પાનાનો પત્ર મુખ્યમંત્રી કાર્યાલય મોકલી અધિકારી, અને એસ.ઓ.ની બિલ્ડરો સાથેની સાંઠગાંઠનો ગંભીર આક્ષેપ પણ કર્યા છે.

અરવલ્લી એસ.ઓ.ને સાબરકાંઠામાં અધિક્ષકનો ચાર્જ !!

હિંમતનગર,

જિલ્લામાં તળાવ ઊંડા કર્યા પછી માટી કૌંભાડ પ્રકાશમાં આવી શકે છે. તળાવ ઊંડા કરવામાં મળતીયાઓની મંડળીઓ ગોઠવી ભ્રષ્ટ અધિકારીઓએ લૂટમાર શરૂ કરી છે. જેમાં જાણવા મળ્યા મુજબ મેઘરજ એસ.ઓ. (પંચાયત, સિંચાઈ શાખા)ને સાબરકાંઠામાં અધિક્ષકનો ચાર્જ સોંપાયો છે. લાગે છે બિલ્ડર લોપી ધારે તે કરી શકે છે. જયારે અનેક ખેડૂતોને ખેતરમાં માટી નંખાવી છે. પણ મંડળીએ પૈસા પડાવવાનો ખેલ શરૂ કર્યો છે. જયારે બિલ્ડરોએ સૌદા કરેલી જમીનોમાં ૫ થી ૧૦ ફૂટ સુધીના પુરણ થઈ રહ્યા છે.

ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના વધુ એક રાજ્ય આંધ્ર પ્રદેશમાં શ્વેતક્રાંતિના શ્રીગણેશ

પાલનપુર, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસની જેમ દેશના અન્ય રાજ્યના ખેડૂતો પણ આત્મનિર્ભર બને અને પશુપાલનના વ્યવસાય થકી આર્થિક સક્ષમ બને તે માટે એશિયાની સૌથી મોટી અને શ્રેષ્ઠ ડેરી બનાસ ડેરી ભગીરથ કાર્ય કરી રહી છે.

આંધ્ર પ્રદેશ સરકાર અને ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સાથ સહકારથી બનાસ ડેરીએ ટૂંકાગાળામાં આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમની નજીક અચ્ચુતાપુરમ્ ખાતે પેકેજીંગ પ્લાન્ટની શરૂઆત કરીને છદ્વેઞ બનાસના દૂધ ઉત્પાદનોના વેચાણનો વ્યાપ વધે તે માટેના આજથી શ્રી ગણેશ કર્યા છે.

અનાકાપલ્લી જિલ્લા કલેકટરશ્રીના વરદ હસ્તે અને બનાસ ડેરીના જનરલ મેનેજર શ્રી પ્રફુલ્લ ભાનવડિયા અને પ્રોડક્શન મેનેજર શ્રી ઉમેશ પરીખની ઉપસ્થિતિમાં મિલ્ક ચિલીંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું.

આવનાર સમયમાં આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ્, શ્રી કાકુલમ્, વિજયાનગરમ્, કાકીનાડા, કોનાસીમા, અનકાપલ્લી એમ ૬ જિલ્લામાં છદ્વેઞ બનાસના ઉત્પાદનોનો સ્વાદ પહોંચશે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આંધ્રપ્રદેશમાં થઈ રહેલા ડેરી ઉદ્યોગના વિકાસને વધુ વેગ આપવા માટે આગામી સમયમાં બનાસ ડેરી દ્વારા ૫ ચીલિંગ સેન્ટર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

બનાસડેરીના પશુપાલકોને વધુમાં વધુ લાભ કઈ રીતે થઈ શકે તે માટે બનાસ ડેરીની સમગ્ર ટીમ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ના નેતૃત્વમાં દિવસ-રાત એક જ લક્ષ્ય સાથે આગળ વધી રહી છે.

પાલનપુરમાં આગામી દિવસોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી કરાશે

પાલનપુર તા. ૨૨

પાલનપુરમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી અંતર્ગત નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા નાળા પર સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે.આ આ અંગે વધુ વિગતો આપતાં નગરપાલિકાના ઉત્સાહી મહિલા પ્રમુખ હેતલબેન રાવલ અને કર્મયોગી એવા મુખ્ય અધિકારી ગૌરાંગ પટેલે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે સેનિટેશન ચેરમેન અમી પટેલ ની નિગરાની હેઠળ જુદાજુદા બે તબક્કામાં પ્રિમોન્સૂન એક્ટિવિટી કરાશે જેમાં પ્રથમ તબક્કામાં મજૂરો દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર નગરપાલિકા ની સેનીટેશન શાખા દ્વારા પ્રિમોન્સૂન એક્ટિવિટીને ખાનગી એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા નાળાઓમાં ૫૦ મજૂરો ૨૫ દિવસ સાફ-સફાઈ કરશે જે બાદ ૧૫ દિવસ જેસીબી અને હિટાચી મશીનથી પ્રિ-મોન્સુન એક્ટિવિટી કરાશે. નગરપાલિકાના સેનીટેશન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે 'બ્રિજેશ્વર કોલોની બરફનીલાઠી, શિવ નગર, પાતાળેશ્વર મંદિર પાછળ, રેલવે સ્ટેશન નજીકનું બેલીમ નાળું તે લડબી નાળા સુધી દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે. લડબી નદીમાં નાખેલી ભૂગર્ભ ગટરની લાઈનો તૂટી ન જાય એટલે પ્રથમ તબક્કામાં મજુરોથી સફાઈ હાથ ધરાઈ હોવાનો ખુલાસો કર્યો છે.

તો બીજી તરફ વિપક્ષના નેતા અંકિતા ઠાકોરે જણાવ્યું હતું કે 'નગરપાલિકા ૮૦ લાખ રૂપિયાના ખર્ચે ડમ્પિંગ સાઈટ અને નાળા સફાઈ અંગેની કાર્યવાહી કરી રહી છે. ત્યારે નગરપાલિકાની માલિકીનાં વાહનો હોવા છતાં પ્રજાના પૈસે માનીતાઓને લાભ કરાવવા માટે વ્યર્થ નાણાં વેડફાઈ રહ્યા છે.'

ખૂબ કઠોર છતાંય અત્યંત કોમળ એવા નરેન્દ્ર મોદી...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

બાયડ તા.૨૨

મોદીજી માટે લખવું હોય એટલું લખાય...મોટા મોટા પુસ્તકો લખાઈ જાય....ભલે મોદીજી માટે ભારતની અંદર કે બહાર અલગ અલગ મત પ્રવર્તતા હોય છતાંય બહૂજ મોટો વર્ગ મોદી વ્યક્તિત્વની પ્રસંસા કર્યા વગર રહી નથી શકતો એ વાત ચોક્કસ છે... મોદીજી માં નીડરતા, હિંમત, બાહોશ, નિષ્ઠા, હોશિયારી એવા તમામ ગુણોની સાથે સાથે દયા, કરુણા, લાગણી, સંવેદનશીલતા, કર્તવ્યપાલન જેવા વિશેષ ગુણો પણ એટલાજ ઠાંસી ઠાંસીને ભરેલા છે... ઘણીવાર મેં મારા આર્ટિકલમાં લખ્યું છે કે... 'મોદીજી એક સફળ રાજનેતા છે તેનાથીય વધુ આધ્યાત્મિક ગુરુ પણ એટલાજ છે!!

પહેલા ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે જ તેમની છબી એક વાયબ્રન્ટ મુખ્યમંત્રીની ઉભી થઈ હતી...તેમની કામ કરવાની પદ્ધતિ વિશિષ્ટ છે તે ચોક્કસ છે...'પ્રધાનમંત્રી બન્યા પછી તેઓ વધુ કઠોર થયા છે...અને જરૂર હોય ત્યાં વધુ કોમળ બન્યા છે...' પ્રજાના નાનામાં નાના પ્રશ્નોનું લિસ્ટ બનાવીને પ્રાથમિક શાળાના શિક્ષકનું કામ કરતા હોય છે!! તેમનો અભિગમ અને લક્ષય આપણી કલ્પનાથી પણ ઉપર હોય છે!! એકવાર જનતા જોડે પ્રશ્નોત્તરી કરતી વખતે એક વ્યક્તિએ મોદીજીને સહજતાથી કહ્યું કે 'તમે આટલી મહેનત કે પુરુષાર્થ કરો છો તો ઈતિહાસમાં તમારું નામ અમર થઈ જશે!!' . એટલીજ વિનમ્રતા તેમના જવાબમાં હતી...'હું કે તમે સૌ પોત પોતાનું કાર્ય કરીએ છીએ...કોઈ ડ્રાઈવર છે, ખેડૂત છે, બિઝનેસમેન છે તો કોઈ નાની મોટી દુકાન ચલાવે છે કોઈ શિક્ષક કોઈ ડોકટર છે, એમ દરેક પોત પોતાનું કામ કરે છે બસ બિલકુલ હું પણ મારું કામ કરૂં છું....' અને આપણે બધાજ નિષ્ઠા, પ્રામાણિકતા, દેશદાઝ સાથે કામ કરતા રહીશું તો વિશ્વના ઈતિહાસમાં ભારતનું નામ જરૂર અમર થઈ જશે...

બહૂજ કઠોર બનીને તેઓ દેશની અંદર અને બહાર રહેલા દુશમનોના દાંત ખાટા કરી રહ્યા છે કે જેઓ ભારતની સામાજિક વ્યવસ્થા માટે ખતરારૂપ છે. જ્યારે દેશ માટે જી જાન લગાવનારા માટે બહૂજ કોમળ બનીને પ્રસ્તુત થતા મોદીને પણ આપણે જોયા છે. મિશન ચંદ્રના રૂબરૂમાં જઈને વૈજ્ઞાનિકોને હૂંફ આપતા પણ જોયા છે અને ઓલિમ્પિકસના સફળ-અસફળ એવા સૌ રમતવીરોને ગળે લગાડતા મોદીજી પણ આપણે જોયા છે!! નવી નવી યોજના કે અભિયાન લાવીને લોકોમાં જાગૃતિ લાવનાર પણ એના એજ મોદી છે... 'જે વિદેશના પ્રત્યેક દેશોમાં ભારતની છબી વિશ્વગુરુની ઉભી કરી રહ્યા હોય તેવી પ્રતીતિ કરાવે છે!!'

આવા તમામ વિશેષ ગુણો એકજ રાજનેતામાં મળ્યા છે એ ભારતના સદભાગ્ય છે!! ભારતને મજાક બનાવતા પશ્ચિમના દેશો આજે ભારત માટે લાલ ઝાઝમ પાથરી રહ્યા છે એનું મુખ્ય કારણ મોદીજીની 'કઠોરતા' અને સાથે સાથે એટલીજ 'વિનમ્રતા' નિમિત્ત બની છે... એનું એજ ભારત છે જેની કોઈ કિંમત નહોતી કરાતી આજે એની કદર થઈ રહી છે... 'વંદે માતરમ.... જય હિંદ.

ધનસુરાના નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

૨૫ તારીખ થી ૨૭ તારીખ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે

બાયડ તા.૨૨

ધનસુરા ના નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર નું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે નવી શિણોલ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. નવી શિણોલ ગામે શ્રીરામ પરિવાર તથા કુળદેવી મા અર્બુદા શ્રી રાધાકૃષ્ણ, શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજ અને અરવલ્લી જિલ્લામાં સૌપ્રથમ સ્ફટિક શિવલિંગ શ્રી રામેશ્વર મહાદેવના નૂતન મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવ કુંડાત્મક મહાવિષ્ણુયાગ યોજાશે.

જેમાં ૨૫-૫-૨૦૨૨ તારીખ થી ૨૭-૫-૨૦૨૨ તારીખ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. પ્રથમ દિવસે પ્રારંભ, અગ્નિ સ્થાપન, મહાવિષ્ણુયાગ, આરતી રાત્રે ડાયરો યોજાશે સાથે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ બાઘાભાઈ (તન્મય વેકરીયા) ઉપસ્થિત રહેશે.બીજા દિવસે શોભા યાત્રા, મહા વિષ્ણુયાગ, જલાધિવાસ, આરતી, રાત્રે રાસ ગરબા યોજાશે જેમાં પ્રસિદ્ધ ગાયક કલાકાર પાર્થ ચૌધરી ઉપસ્થિત રહેશે. તો ત્રીજા દિવસે પ્રાતઃ પુજન, ધ્વજા આરોહણ, શિખર સ્થાપના, મહા વિષ્ણુયાગ, પ્રાણ પ્રિષ્ઠા, યજ્ઞ પૂર્ણાહુતિ, મહા આરતી, મહા પ્રસાદ અને સાંજે ધર્મસભા અને ભજન સંધ્યા જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. ત્રણ દિવસ ના આ કાર્યક્રમ માં અનેક સંતો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દાતા શ્રીઓ, સહ યજમાન દાતા શ્રીઓ , પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના પાટલાના યજમાન દાતા શ્રીઓ સહિત ગામ લોકો અને આજુબાજુ ના ગામ લોકો ઉપસ્થિત રહેશે.આ ભવ્ય આયોજન સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ નવી શિણોલ અને ગ્રામજનો ધ્વારા કરવામાં આવ્યું છે.

પ્રાંતિજના સલાલ ખાતે લોખંડની પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડતા ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

તારી ભત્રીજી મારો સબંધ થવાદેતી નથી તેમ કરી હુમલો કર્યો : લોખંડની પાઈપ વડે હુમલો કરી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઇ : ત્રણને ઈજાઓ પોહચી-ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ : પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળની તપાસ હાથ પરી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે તારી ભત્રીજી મારો સબંધ થવાદેતી નથી તેમ કહીને લોખંડ ની પાઈપ વડે હુમલો કરી ગડદાપાટુનો મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ગામનાજ ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજના સલાલ ખાતે રહેતા દશરથસિંહ પુંજસિંહ પરમાર તથા તેમની પત્ની તેજલબેન તથા તેમની દિકરી ગામમા વરઘોડો હોય તે જોવા માટે ગયા હતા તે દરમ્યાન ગામમાજ રહેતા સુરજસિંહ જસવંતસિંહ પરમાર તેમની જોડે આવીને કહેવા લાગ્યો કે તારી ભત્રીજી મારો સબંધ થવા દેતી નથી તેમ કહી મા બહેન સામી ગાળો બોલી તેની જોડે આવેલ જસવંતસિંહ પુંજસિંહ પરમારે તેના હાથમા રહેલ લોખંડ નો પાઈપ દશરથસિંહ ના બરડામા મારી તથા ડાબા ખભા ઉપર મારતા દશરથસિંહ ના પત્ની અને તેમની દિકરી વચ્ચે પડતા સુરજસિંહ પાઈપ લઈ આવી દિકરીને ડાબા હાથના કાંડા નજીક મારી ઈજાઓ કરી ફેકચર કરી તથા લાલસિંહ લક્ષ્મણસિંહ પરમાર તથા સંજય સિંહ મનુંસિહ પરમાર બન્ને જણા ઉપરાડુ લઈ આવી તેજલબેન ને ગડદાપાટુ નો મારમારવા લાગેલ તે દરમ્યાન દશરથસિંહ ની ભત્રીજી આવી જતા વચ્ચે પડતા તેની સાથે પણ ઝપાઝપી કરવા લાગતા તે દરમ્યાન વરઘોડા માથી માણસો દોડી આવતા વધુ માર માથી છોડાવ્યા હતા ત્યારે ચારેય જણા ત્યાંથી જતા રહ્યા હતા અને જતા-જતા કહેતા ગયા હતા કે આજે તો તમે બચી ગયા છો પણ એક દોકલ મળશો તો તમને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપી હતી તો દશરથસિંહ તેમની પત્ની તેજલબેન તથા તેમની દિકરીને ઈજાઓ પોહચતા તેવો પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે સારવાર લીધી હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દશરથસિંહ પુંજસિંહ પરમાર ઉ.વર્ષ-૪૨ ધંધો-મજુરી રહે. સલાલ દ્વારા સુરજસિંહ જસવંતસિંહ પરમાર , જસવંતસિંહ પુંજસિંહ પરમાર , લાલસિંહ લક્ષ્મણસિંહ પરમાર, સંજયસિંહ મનુંસિહ પરમાર ચારેય રહે સલાલ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૩૨૩, ૩૨૫,૫૦૪, ૫૦૬, (૨)